MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (Online)
International Peer Reviewed & Referred Journal
ISSN: 2583-9829, Volume: 03, Issue: 05, June 2025

# સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણથી આવેલા પરિવર્તનના સ્ત્રોતો

**નિષ્ઠા વી. પ્રજાપતિ,**

PhD Scholar,

અનુસ્નાતક સમાજશાસ્ત્ર વિભાગ,

સરદાર પટેલ યુનિવર્સિટી,

વલ્લભ વિદ્યાનગર,આણંદ.

- **સારાંશ:**

સ્વતંત્રતા બાદ સ્ત્રી શિક્ષણને ખૂબ વેગ મળ્યો હતો. ગાંધીજીએ સ્ત્રી શિક્ષણની શરૂઆત આકરી હતી, તેમાં દરેક સમાજસુધારકે ફાળો આપ્યો. સ્ત્રી શિક્ષણની શરૂઆતમાં અમુક લક્ષ્યો, ધ્યેયોને રાખવામાં આવ્યા હતા. સ્ત્રી શિક્ષણની શરૂઆતના અનેક વર્ષો બાદ ઇચ્છિત પરિવર્તનો, ધ્યેયો, લક્ષ્યો પૂર્ણ થયા છે. તે સમાજમાં જોવા મળતા વિકાસથી નજર સમક્ષ આવે છે. વર્તમાન સમયમાં સ્ત્રીઓ શિક્ષિત થઈ છે, તેની સાથે પરિવર્તન પણ નોંધાયું છે. સમાજમાં સ્ત્રીઓના સાક્ષરતામાં વધારો આવ્યો છે. સાક્ષરતાથી આવેલા પરિવર્તનની અહિયાં વાત કરવામાં આવી છે. સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ પણ વધેલું જોવા મળે છે. તેના થકી ખૂબ વધુ પરિવર્તન આવેલું જોવા મળે છે. તે પરિવર્તનના સ્ત્રોતોને અહિયાં પ્રસ્તુત કરવા આવેલ છે.

- **ચાવીરૂપ શબ્દો***: સ્ત્રીઓ, ઉચ્ચ શિક્ષણ, પરિવર્તન, વિકાસ*

- **પ્રસ્તાવના:**

આધુનિક યુગમાં, શિક્ષણ એ કોઈપણ સમાજના વિકાસ માટે પાયાનો સ્તંભ છે. ભારતમાં સ્ત્રી શિક્ષણનો દર ધીમે ધીમે વધી રહ્યો છે, અને તેના પરિણામે સ્ત્રીઓના જીવનમાં અને સમાજમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળી રહ્યું છે. ઉચ્ચ શિક્ષણ માત્ર વ્યક્તિગત સ્તરે જ નહીં, પરંતુ કૌટુંબિક, સામાજિક અને આર્થિક સ્તરે પણ સકારાત્મક અસરો લાવે છે. આજે સ્ત્રી દરેક ક્ષેત્રમાં મહત્વના સ્થાન ધરાવે છે. સ્ત્રીઓ સમાજ, કુટુંબને સાથે લઈને આગળ વધી છે. સ્ત્રી શિક્ષણ થઈ તેની સાથે તે પશ્ચિમિકરણને પણ અપનાવતી થઈ છે. સ્ત્રીઓ પોતાના સ્વપ્ન પૂર્ણ કરવા માટે સ્વતંત્ર બની છે. સ્ત્રીઓમાં શિક્ષણથી પરિવર્તનની ગુણવત્તા તપાસવાની જરૂર જણાય છે. ગ્રામીણ વિસ્તારોની સ્ત્રીઓમાં પણ પરિવર્તન નોંધાયું છે. ગ્રામીણ વિસ્તારોમાંથી પણ સ્ત્રીઓ હવે આધુનિકીકરણને અપનાવી રહી છે. વર્તમાનમાં સ્ત્રીઓ એર હોસ્ટેસ, બિઝનેશ વુમન, ઇન્વેસ્ટર, સી. એ., ડોકટર, શિક્ષણ અધ્યક્ષ વગેરે અનેક જગ્યાએ

ભૂમિકાઓ ભજવતી જોવા મળે છે. કોઈ પણ ક્ષેત્ર એવું નહીં હોય જય સ્ત્રીઓ હજુ સુધી પહોંચી નથી. મંગળયાનની રચના હોય કે મંગળ પર જવાનું હોય તેમાં પણ સ્ત્રીઓનો અમૂલ્ય ફાળો જોવા મળે છે. અહિયાં સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણથી આવેલા પરિવર્તનના મુખ્ય સ્ત્રોતો વિષે ચર્ચા કરવામાં આવેલ છે.

1. **વ્યક્તિગત સશક્તિકરણ અને આત્મનિર્ભરતા**

ઉચ્ચ શિક્ષણ સ્ત્રીઓને જ્ઞાન, કૌશલ્ય અને આત્મવિશ્વાસ પ્રદાન કરે છે. શિક્ષણ દ્વારા તેઓ પોતાની ક્ષમતાઓને ઓળખી શકે છે અને જીવનના વિવિધ ક્ષેત્રોમાં સ્વતંત્ર રીતે નિર્ણય લેવા સક્ષમ બને છે. તેઓ પોતાની જાતે કોઈ પણ કાર્ય કરવામાં સક્ષમ બને છે. આત્મવિશ્વાસમાં વધારો તેમને સામાજિક દબાણો અને રૂઢિગત માન્યતાઓને પડકારવામાં મદદ કરે છે. તેઓ પોતાની જાતનનું રક્ષણ કરવામાં સમર્થ બને છે. સ્ત્રીને ઉચ્ચ શિક્ષણથી કોઈ પણ પ્રકારના દબાણથી બહાર નીકળવાનો રસ્તો મળી જાય છે. સ્ત્રીઓ તેના અધિકારો, તેના તરફેણના કાયદાઓ, યોજનાઓથી જાણકાર બની અને સશક્ત બની.

2. **નાણાકીય સ્વતંત્રતા:**

ઉચ્ચ શિક્ષણ સ્ત્રીઓ માટે સારી નોકરીની તકો ઊભી કરે છે, જેનાથી તેઓ આર્થિક રીતે પગભર બની શકે છે. આર્થિક સ્વતંત્રતા તેમને કુટુંબમાં વધુ મજબૂત સ્થાન અપાવે છે અને તેમને પોતાના નિર્ણયો લેવામાં મદદ કરે છે. પરંતુ વર્તમાન સમયમાં હાલ પણ ક્યાંક એવી પરિસ્થિતિ છે જ્યાં સ્ત્રીઓને નોકરી કરવા માટે પણ પરવાનગી માંગવી પડે છે. તેથી ઘણીવાર સ્ત્રીઓ નાણાકીય સ્વતંત્રતા માટે લગ્ન જીવનમાં બાંધવા માંગતી નથી. પોતાના નાણાકીય વિકાસ તરફ વળી છે. જે બાબત ભારતીય સંસ્કૃતિને ખૂબ મોટો આઘાત પહોંચાડી શકે છે. ત્યાં ઘણી સ્ત્રીઓ એવી પણ છે જે કુટુંબ, ઘર, બાળકો બધાને સાથે લઈને ચાલનારી છે. એક અભ્યાસ મુજબ, શિક્ષિત સ્ત્રીઓ કુટુંબના ખર્ચાઓમાં વધુ યોગદાન આપે છે અને તેમના સ્વાસ્થ્ય અને બાળકોના શિક્ષણ પાછળ વધુ રોકાણ કરે છે (UNICEF, 2011).

3. **બૌદ્ધિક અને વૈચારિક જાગૃતિ:**

શિક્ષણ સ્ત્રીઓની વિચારશક્તિ અને વિશ્લેષણાત્મક ક્ષમતાને વિકસાવે છે. તેઓ દુનિયાને વધુ સારી રીતે સમજી શકે છે અને સામાજિક, રાજકીય અને આર્થિક મુદ્દાઓ પ્રત્યે વધુ જાગૃત બને છે. સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણથી તાર્કિક વિચારસરણીમાં વિકાસ થયો છે. એક જ ઘટનાને અલગ અલગ દ્રષ્ટિથી સ્વીકારવાની કળા પ્રાપ્ત થાય છે. જીવનમાં કે કાર્યક્ષેત્રમાં આવેલી મુશ્કેલીનો સામનો કરવાની તાકાત અને સમજણ ઉચ્ચ શિક્ષણથી પ્રાપ્ત થાય છે.

4. **કૌટુંબિક અને સામાજિક પરિવર્તન:**

શિક્ષિત સ્ત્રીઓ તેમના કુટુંબ અને સમાજમાં પરિવર્તનના વાહક બને છે. સ્ત્રીઓ થકી સમાજમાં ઘણા બધા પરિવર્તનો આવેલા છે. મરાઠા કાળમાં રાણી અહલ્યા બાઈએ પણ સ્ત્રી શિક્ષણની શરૂઆત કરી, ત્યારનાં પ્રવાહ સામે લડીને પણ કુટુંબ અને સમાજ બંને બાબતોને સાચવી હતી અને વિકાસ કર્યો હતો. તેવી જ રીતે આજની આધુનિક નારી પણ કુટુંબ અને સમાજને સાથે લઈને ચાલનારી બની છે. કૌટુંબિક વિકાસમાં પણ સ્ત્રી શિક્ષણ ખૂબ અગત્યનું બની રહે છે. શિક્ષિત સ્ત્રી કુટુંબ અને સમાજ બધાને તારવાની ક્ષમતા ધરાવે છે.

5. **કુટુંબમાં દરજ્જામાં સુધારો:**

ઉચ્ચ શિક્ષણથી સ્ત્રીઓ પર થતાં અત્યાચારો, ઘરેલુ હિંસા અને માનસિક તણાવ વગેરે જેવા દૂષણો દૂર થયેલા જોવા મળે છે. દીકરીને દૂધપીતી જેવા કુરિવાજો પણ શિક્ષણના કારણે જ દૂર થયેલા જોવા મળે છે. સ્ત્રીઓ કુટુંબમાં વધુ આદર અને સન્માન મેળવે છે. સાથે સાથે કુટુંબમાં પણ સ્વાભિમાનથી જીવવાની હિંમત સ્ત્રીઓને ઉચ્ચ શિક્ષણથી મળી છે. તેમના મંતવ્યો અને નિર્ણયોને વધુ મહત્વ આપવામાં આવે છે, જે તેમને ઘરના કાર્યોમાં સક્રિય ભૂમિકા ભજવવા સક્ષમ બનાવે છે (NSSO, 2014).

6. **સંતાનોના ઉછેરમાં સુધારો:**

શિક્ષિત માતાઓ પોતાના બાળકોના સ્વાસ્થ્ય, પોષણ અને શિક્ષણ પર વધુ ધ્યાન આપી શકે છે. બાળકના સ્વાસ્થ્યની સાથે સાથે કુટંબના સ્વાસ્થ્યનું પણ ધ્યાન તેઓ રાખે છે. તેઓ બાળકોને સારી રીતે ભણવા માટે પ્રોત્સાહિત કરે છે અને તેમના ભવિષ્યને સુધારવામાં મદદ કરે છે. એક સ્ત્રી ધારે તો તેના બાળકને સર્વ શ્રેષ્ઠ બનાવી શકે છે અને એમ જો શિક્ષિત હોય તો સ્ત્રી તેના બાળકનો સર્વાંગીણ વિકાસ કરવાનિ ક્ષમતા ધરાવે છે. સંશોધનો દર્શાવે છે કે માતાનું શિક્ષણ બાળકોના મૃત્યુદરમાં ઘટાડો અને શૈક્ષણિક સિદ્ધિઓમાં વધારો સાથે સીધો સંબંધ ધરાવે છે (World Bank, 2012).

7. **લગ્ન અને પ્રજનન સંબંધી નિર્ણયોમાં સ્વતંત્રતા:**

ઉચ્ચ શિક્ષણ સ્ત્રીઓને સ્વપસંદગીના લગ્નની તકો પૂરી પાડે છે અને બાળ લગ્ન જેવી કુપ્રથાઓને ઘટાડવામાં મદદ કરે છે. તેનાથી નાની ઉંમરે વિધવા થનારી છોકરીનો સંખ્યામાં પણ ઘટાડો તેઓ છે. વર્તમાન સમયમાં તો છોકરીના ૨૧ વર્ષ પછી લગ્ન નો કાયદો આવી ગયો છે. જેનાથી તે પોતાના જીવનના નિર્ણયો લઈ શકે છે, સમજીને પોતાના જીવનસાથીની પસંદગી કરી શકે છે. શિક્ષિત સ્ત્રીઓ કુટુંબ નિયોજન અને પ્રજનન

સ્વાસ્થ્ય વિશે વધુ જાગૃત હોય છે, જે તેમને ઓછી સંખ્યામાં બાળકો અને વધુ સારી માતા-બાળ સ્વાસ્થ્ય તરફ દોરી જાય છે.

**8. વ્યાવસાયિક અને સામાજિક યોગદાન:**

ઉચ્ચ શિક્ષણ સ્ત્રીઓને સમાજના વ્યાપક વિકાસમાં યોગદાન આપવા માટે સક્ષમ બનાવે છે. ઉચ્ચ શિક્ષણ સ્ત્રીઓ માટે વિવિધ વ્યવસાયો અને ક્ષેત્રોમાં પ્રવેશના દ્વાર ખોલે છે. તેઓ હવે ફક્ત પરંપરાગત ભૂમિકાઓ પૂરતી સીમિત નથી, પરંતુ ડૉક્ટર, ઇજનેર, વૈજ્ઞાનિક, શિક્ષક, ઉદ્યોગસાહસિક અને રાજકારણી જેવી વિવિધ ભૂમિકાઓમાં પણ અગ્રિમ સ્થાન પ્રાપ્ત કરી રહી છે (Ministry of Statistics and Programme Implementation, Government of India, 2021). સ્ત્રીઓ હવે બેવડી ભૂમિકા નિભાવતી થઈ છે. સમાજ પણ તેમની બેવડી ભૂમિકાઓને સ્વીકારતો થાય ગયો છે. હવે તો મોટા ભાગે સમાજે પણ સ્વીકારી લીધું છે કે સ્ત્રીઓ પણ વ્યવસાય કરી અર્થોપાજન કરી શકે છે.

**9. વિકાસ પ્રક્રિયામાં સક્રિય ભાગીદારી:**

શિક્ષિત સ્ત્રીઓ સામાજિક અને આર્થિક વિકાસ પ્રક્રિયામાં વધુ સક્રિયપણે ભાગ લઈ શકે છે. તેઓ નીતિ નિર્માણ, સામુદાયિક વિકાસ અને સામાજિક સુધારણામાં યોગદાન આપી શકે છે, જે દેશના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ચંદ્ર પર જવામાં, સાહસ બતાવવામાં, યુધ્ધના મેદાનમાં, રાજનીતિના રણાંગણમાં, બાળકના વિકાસમાં, કુટુંબના સંવર્ધનમાં, સમાજને સાચવવામાં આજે દરેક જગ્યાએ સ્ત્રીઓ વિકાસ કરી રહી છે અને વિકાસની પ્રક્રિયાને સક્રિય પણ કરી રહી છે. ઘણી બધી વખત સમાજમાં દૂષણો દૂર કરવામાં અને વિકાસ સાધવામાં સ્ત્રીઓએ મહત્વની ભાગીદારી આપી છે.

**10. સ્ત્રી સંગઠનો અને જાગૃતિ:**

શિક્ષણથી સ્ત્રીઓમાં પોતાના હક્કો પ્રત્યે જાગૃતિ આવે છે અને તેઓ સામાજિક અન્યાય સામે લડવા માટે સંગઠિત થાય છે. આના પરિણામે ઘણા સ્ત્રી સંગઠનોનો ઉદય થયો છે. જે સ્ત્રીઓના અધિકારો માટે હિમાયત કરે છે અને સામાજિક પરિવર્તન લાવવામાં મદદ કરે છે. તે સંગઠનો સ્ત્રીઓને નવા વ્યવસાય શરૂ કરવામાં આર્થિક રીતે મદદ કરે છે. સ્ત્રીઓને ઘરે બેઠા કામ કરવા માટે પણ પ્રેરિત કરે છે. તેમાં સરકાર પણ સ્ત્રીઓને મદદ કરે છે, સ્ત્રીઓની સહાય માટે અનેક યોજનાઓ પણ શરૂઆત કરવામાં આવી છે.

- **નિષ્કર્ષ:**

સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણ એ માત્ર એક શૈક્ષણિક ઉપલબ્ધિ નથી, પરંતુ તે વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક પરિવર્તનનું એક શક્તિશાળી સાધન છે. તે સ્ત્રીઓને સશક્ત બનાવે છે, તેમને આર્થિક રીતે સ્વતંત્ર બનાવે છે અને તેમને સમાજના સક્રિય અને સમાન સભ્ય તરીકે સ્થાપિત કરવામાં મદદ કરે છે. શિક્ષણના માધ્યમથી સ્ત્રીઓ માત્ર પોતાના માટે જ નહીં, પરંતુ સમગ્ર સમાજ માટે એક ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી શકે છે. તેથી જ તો સ્ત્રી શિક્ષણ ખૂબ જરૂરી બની જાય છે. સ્ત્રી જો શિક્ષિત ન હોય તો સમાજને વિકાસના માર્ગે દોરવામાં મુશ્કેલી ઊભી થઈ જાય છે. તેથી જ ગાંધીજી સ્ત્રી શિક્ષણને મહત્વ આપ્યું હતું.

- સંદર્ભ:


1. UNICEF. (2011). The State of the World's Children 2011: Adolescence An Age of Opportunity. UNICEF.
2. National Sample Survey Office (NSSO). (2014). Household Consumption Expenditure in India, 2011-12. Ministry of Statistics and Programme Implementation, Government of India.
3. World Bank. (2012). World Development Report 2012: Gender Equality and Development. World Bank.
4. Ministry of Statistics and Programme Implementation, Government of India. (2021). Women and Men in India 2021. Government of India.

Certificate No.:03052025027

MULTIDISCIPLINARY COSMOPOLITAN JOURNAL OF RESEARCH
(MUCOJOR)-2583-9829 (On-line)
International Peer Reviewed and Refereed Journal

# Certification of Publication

The Board of Multidisciplinary Cosmopolitan Journal of Research (MUCOJOR) is hereby awarding this certificate to

**નિષ્ઠા વી. પ્રજાપતિ,**

In recognition of the publication of the paper entitled

**સ્ત્રીઓમાં ઉચ્ચ શિક્ષણથી આવેલા પરિવર્તનના સ્ત્રોતો**

Published in Volume 03, Issue 05, June 2025.

**EDITOR IN CHIEF**